# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-04-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મધ્યપ્રદેશ-ઈસાગઢ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ગરીબો અને વંચિતોના ઉત્થાનનો સંકલ્પ, 'સબકા સાથ, સબકા વિકાસ'નો મંત્ર અને સેવાની ભાવના આજે સરકારની નીતિ અને પ્રતિબદ્ધતા છે. શ્રી મોદીએ ગઈકાલે મધ્યપ્રદેશના અશોકનગરના ઈસાગઢમાં શ્રી આનંદપુર ધામમાં ઉપસ્થિત ભક્તોને સંબોધિત કરતા આમ જણાવ્યુ હતું.

-----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-ચેન્નાઈ-AIADMK:

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભાજપ આગામી 2026 માં તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી AIADMK ના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં લડશે.

ગઈકાલે ચેન્નાઈમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે તમિલ યુવાનોને તમિલ ભાષામાં UPSC પરીક્ષા આપવાની મંજૂરી આપી છે.

-----------------------------------------------------------------------------------------

## નવી દિલ્હી-ચૂંટણી પંચ-તાલીમ:

નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મીડિયાના અધિકારીઓ માટે એક દિવસનો તાલીમ સેમિનાર પૂર્ણ થયો. સેમિનારમાં ગુજરાત સહિત 28 રાજ્ય અને આઠ કેન્દ્રશાસિત પ્રદેશના મીડિયા નોડલ સહિતના અધિકારીઓને કમ્યુનિકેશન એટલે કે, સંવાદના વિવિધ પાસાઓની તાલીમ આપવામાં આવી.

આ ઉપરાંત જરૂરી માહિતીના અસરકારક પ્રચાર-પ્રસાર અને ખોટી તેમજ ભ્રામક માહિતીને ફેલાતી અટકાવવા જેવા વિષયો અંગે પણ વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તથ્યહિન અને ભ્રામક સમાચારો વચ્ચે મતદારોને સાચી અને આધારભૂત માહિતી મળે તે માટે મીડિયા અધિકારીઓની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

---------------------------------------------------------------------------------

## D.R.D.O.-ગૌરવ સફળ પરિક્ષણ:

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન- D.R.D.O. એ સુખોઈ-30 M.K.I. વિમાનથી લાંબા અંતરના “ગ્લાઈડ બોમ્બ ગૌરવ”નું સફળ પરિક્ષણ કર્યું. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, પરિક્ષણોમાં અંદાજે 100 કિલોમીટરના અંતર સુધી ચોકસાઈ સાથે સફળ પ્રદર્શન કરાયું.

“ગૌરવ” એક હજાર કિલો વર્ગનો ગ્લાઈડ બૉમ્બ છે, જેને ચાંદીપુરમાં આવેલા સંશોધન કેન્દ્ર ઈમારત, શસ્ત્રાગાર સંશોધન અને વિકાસ સંસ્થાન તેમજ સંકલિત પરિક્ષણ રૅન્જ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન કરાયો અને બનાવાયો છે. D.R.D.O. અને ભારતીય વાયુસેનાના વરિષ્ઠ અધિકારીઓએ આ પરિક્ષણમાં ભાગ લીધો અને સમીક્ષા કરી.

---------------------------------------------------------------------------------

## રાજ્યમંત્રી-ઋષિકેશ:

ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે યુવાનોને ‘એક દેશ એક ચૂંટણી’ વિષય પર દેશનો અવાજ બનીને આગળ આવવા આહ્વાન કર્યું છે. અમદાવાદમાં ગઈકાલે લોકજાગૃતિ કેન્દ્ર વિશ્વ-વિદ્યાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતાં શ્રી પટેલે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

તેમણે ‘એક દેશ એક ચૂંટણી’ એ દેશની જરૂરિયાત હોવાનું જણાવતા કહ્યું, એક દેશ એક ચૂંટણીથી દેશના કુલ ઘરેલું ઉત્પાદન- G.D.P.માં વૃદ્ધિ થઈ શકે છે. તેમજ નાણા અને માનવ કલાકની પણ બચત થઈ શકે છે.

---------------------------------------------------------------------------------

## રાજ્ય સરકાર-શ્રમ આયોગ:

રાજ્ય સરકારે ગરમીને ધ્યાનમાં રાખી રાજ્યના શ્રમિકોને બપોરના સમયે કામ ન કરાવવા આદેશ આપ્યો છે. શ્રમ આયોગની કચેરી દ્વારા આ અંગે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. તેમાં તમામ ઉદ્યોગ, બાંધકામ વિસ્તાર, મનરેગા વર્કર્સ, ઈંટભઠ્ઠા તથા અન્ય સ્થળે કામ કરતા શ્રમિકોને બપોરે એકથી ચાર વાગ્યા સુધી કામગીરી ન કરાવવા સૂચના આપવામાં આવી છે.

ખૂલ્લી જગ્યા કે જ્યાં સીધો તડકો આવે તેવી જગ્યાએ આગામી જૂન મહિના સુધી આ નિયમનું પાલન કરવાનું રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## હનુમાન જયંતી:

રામદૂત હનુમાનજીની જયંતિની આજે શ્રધ્ધા પૂર્વક ઉજવણી થઈ રહી છે. જીલ્લા મથક ભુજનાં પ્રાચીન પરદાભિટ મંદિર સહિત સમગ્ર કચ્છ જીલ્લામાં આવેલા હનુમાનજીના વિવિધ મંદિરોમાં આ પર્વ ઉજવાશે. આજે જોગાનુજોગ શનિવાર હોતા ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે. આજે મંદિરોમાં દિવસભર સુંદર કાંડના પાઠ, હનુમાન ચાલીસા પઠન, મહા આરતી વિગેરે કાર્યક્રમોથી વાતાવરણ  ગાજતું રહેશે.

બોટાદ જીલ્લાના સુપ્રસિધ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ પર્વની ધામ ધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

---

## રાજ્ય-હવામાન:

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 48 કલાક સુધી ગરમીમાંથી આંશિક રાહત મળવાની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારબાદ તાપમાન ફરી વધી શકે છે. જ્યારે આગામી 15 થી 17 એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

---

## ક્રિકેટ-આઈ.પી.એલ-2025:

આઈ.પી.એલ-2025 ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈકાલે ચેન્નઈ ખાતે કલકતા નાઈડરાઈર્ડસની ટીમે ચેન્નઈ સુપર કિંગ્સ ટીમને 8 વિકેટથી પરાજીત કરી હતી. ચેન્નઈ સુપર કિંગ્સે આપેલા 104 રનના લક્ષ્યને કલકતા નાઈડ રાઈર્ડસ ટીમે માત્ર 10.1 ઓવરમાં જ પ્રાપ્ત કરી વિજય મેળવ્યો હતો. દરમ્યાન આજે લખનૌ ખાતે ગુજરાત ટાઇટન્સ અને લખનૌ સુપર જાયન્ટની ટીમો વચ્ચે મેચ રમાશે.

---